# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-04-2025** **Morning : 7.10 to 7.20**

**Day : Sunday** **Morning News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિદ્ધી ઉંધાડ** વાંચે છે.

---

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મન કી બાત કાર્યક્રમની 121મી કડીમાં આકાશવાણી પરથી પોતાના વિચારો રજૂ કરશે
2) ગુજરાત લો યુનિવર્સિટીના પદવીદાન સમારંભમાં 286 વિદ્યાર્થીઓને સર્વોચ્ચ અદાલતના ન્યાયાધિશોના હસ્તે પદવી એનાયત
3) અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા ભેળસેળયુક્ત ખાદ્ય પદાર્થો વેચતા વેપારીઓ ઉપર તવાઇ. ભેળસેળયુક્ત ખાદ્ય તેલનો જથ્થો જપ્ત
4) અમદાવાદથી ગાંધીનગરના સચિવાલય સુધીની મેટ્રો સેવાનો આજથી આરંભ.
5) રાજ્યના માનુષ શાહ અને દિયા ચિતાલેની જોડીએ WTT કન્ટેન્ડર ટેબલ ટેનિસ ટુર્નામેન્ટનો મિક્સ ડબલ્સના ખિતાબ જીત્યો

---------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સવારનાં 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો)

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનારા 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષય ઉપર પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 121મી કડી છે. હિન્દીમાં 'મન કી બાત' કાર્યક્રમનાં પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન A.I.R મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરાશે. આકાશવાણી સમાચાર , દૂરદર્શન સમાચાર , પ્રધાનમંત્રી કાર્યાલય- PMO તેમજ માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરાશે.

આ ઉપરાંત આજે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્ર પરથી 'મન કી બાત' કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

. . . . . . . . . . . . .

# GNLU-CONVOCATION

ગાંધીનગરની ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી- GNLUનો ૧૫મા દીક્ષાંત સમારોહ ગઇકાલે યોજાયો હતો.

સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડિયાના ન્યાયાધીશ બેલા ત્રિવેદી અને જસ્ટીસ અરવિંદ કુમારના હસ્તે  અંડર ગ્રેજ્યુએટ ૨૦૧૯થી ૨૦૨૪ અને પોસ્ટ ગ્રેજ્યુએટ ૨૦૨૩-૨૦૨૪ની બેચના કુલ ૨૮૬ વિદ્યાર્થીઓને કાયદાની વિવિધ ડિગ્રી એનાયત કરવામાં આવી હતી. જેમાંથી ૧૬ પીએચ.ડી. વિદ્વાનો, ૮૫ એલએલ.એમ. અનુસ્નાતકો; ગાંધીનગર કેમ્પસના ૬૭ અને સિલવાસા કેમ્પસના ૧૮ વિદ્યાર્થીઓ તેમજ અંડરગ્રેજ્યુએટ એલએલ.બી. (ઓનર્સ) પ્રોગ્રામના ૧૮૫ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત દીક્ષાંત સમારોહના ભાગરૂપે કાયદાકીય શિક્ષણના વિવિધ ક્ષેત્રોમાં તેજસ્વી વિદ્યાર્થીઓના અસાધારણ શૈક્ષણિક પ્રદર્શન અને યોગદાનને બિરદાવવા ૩૮ સુવર્ણ ચંદ્રકો એનાયત કરવામાં આવ્યા હતા.

આ દીક્ષાંત સમારોહમાં સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડિયાના ન્યાયાધીશ બેલા એમ. ત્રિવેદીએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પડતા જણાવ્યું હતું કે , ‘કાયદાનો અભ્યાસ ડિગ્રીઓ સાથે પૂર્ણ નથી થતો. આપની ડિગ્રી કોઈ અંતિમ રેખા નહીં પરંતુ આપના ઉજ્જવળ ભવિષ્યનો પાયો છે.

સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડિયાના જજ અરવિંદ કુમાર વિદ્યાર્થીઓને ન્યાયના રક્ષક બની સત્યની સેવા કરવાનું આહ્વાન કર્યું હતું. જ્યારે ગુજરાત હાઇકોર્ટના એડવોકેટ જનરલ કમલ ત્રિવેદીએ આ અંગે વધુ માહિતી આપી હતી.

(બાઈટ --કમલ ત્રિવેદી, એડવોકેટ જનરલ ગુજરાત હાઈકોર્ટે )

. . . . . . . . . . . . .

# AMC FOOD CHECKING

અમદાવાદના દાણીલીમડા વિસ્તારમાં ચંડોળા તળાવ પાસે બેરલ માર્કેટમાં આવેલા મિલન ઓઇલસ પ્રાઇવેટ લિમિટેડ નામના ગોડાઉનમાંથી ફૂડ વિભાગની ટીમે શંકાસ્પદ પામોલીન અને સોયાબીન તેલનો જથ્થો જપ્ત કર્યો છે. કુલ 105 જેટલા ડબ્બાઓ જપ્ત કરી સેમ્પલ લઇ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે.
આ ઉપરાંત પાલડી વિસ્તારમાં આવેલા યશ્સ્વી બેવરજીસમાંથી સ્ટ્રોબેરી આઈસ્ક્રીમ , નરોડા હંસપુરા રોડ ઉપર નરોડા બિઝનેસ હબ કોમ્પ્લેક્સમાં આવેલા બાબાદિપસિંહ રેસ્ટોરન્ટનું મલાઈ પનીર જમાલપુરના મિલન ઓઇલ ડેપોમાંથી જપ્ત કરવામાં આવેલ રિફાઇનરી સમોર પામોલીન તેલ અખાદ્ય નીકળ્યું હતું.

મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગને ઇસ્કોન આંબલી રોડ ઉપર આવેલા TSF કેફેમાં ગ્રાહકને ડીશમાં જીવાત નીકળી હોવા અંગેની ફરિયાદ મળી હતી જેથી ફૂડ વિભાગની ટીમને ત્યાં તપાસ કરતા તેને સીલ કરવામાં આવી હતી જ્યારે બાપુનગર વિસ્તારમાં બદામી કોલસા મીલ કમ્પાઉન્ડમાં વેજીટેબલ ચટણી બનાવતા કારખાનામાં તપાસ કરતા ફૂડ લાઇસન્સ લેવામાં આવ્યું હતું જેથી તેને પણ સીલ કરવામાં આવ્યું છે.

15 એપ્રિલથી 26 એપ્રિલ સુધીમાં બેસન- ગોળના 36, કેરીનો રસ, શેરડીનો રસ, મેંગો મિલ્ક શેક, જ્યુસ વગેરેના 16, મસાલાના 14, દૂધ અને દૂધની બનાવટના 11, ઠંડા પીણા-બરફ ગોળાના 5, ખાદ્યતેલના 5 અને અન્ય 69 એમ કુલ 163 નમૂના લેવામાં આવ્યા છે. ફુડ વિભાગની ટીમ દ્વારા આ સમયગાળા દરમિયાન 916 જેટલા વિવિધ ખાદ્ય એકમોના તપાસી 349 નોટિસ આપવામાં આવી છે. 529 કિલો ગ્રામ અને 608 લીટર અખાદ્ય જથ્થાનો નાશ કરાયો છે. 2.35 લાખ રૂપિયાનો દંડ વસૂલાયો છે. 193 જેટલા ટીપીસી તપાસવામાં આવ્યા છે.

. . . . . . . . . . . . .

# TANT SCHOOL NAVSARI

સરકાર રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ દરેક બાળકને પ્રાથમિક શિક્ષણનો અધિકાર આપે છે. પરંતુ કામદાર પરિવાર , ખાસ કરીને સ્થળાંતરિત મજુર પરિવારોના બાળકો માટે વતનમાં શાળાએ જવું મુશ્કેલ હોય છે. આવા બાળકો શિક્ષણથી વંચિત ન રહે એ માટે સરકારની સર્વ શિક્ષા અભિયાન ખૂબ જ લાભદાયી પુરવાર થયું છે. પ્રસ્તુત છે નવસારીની ટેન્ટ શાળા અંગેનો અમારા સંવાદદાતાનો અહેવાલ

(વોઇસ કાસ્ટ -- અશોક પટેલ)

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

.....................................

# WESTERN REGIONAL CONFERENCE

નર્મદા જિલ્લાના  એકતાનગર ટેન્ટસિટી- 2  ખાતે ગઈકાલે વેસ્ટર્ન રિજનલ કોન્ફરન્સનો પ્રારંભ થયો. આ પ્રસંગે રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તામંડળ-નાલસાના ત્રણ દાયકાની ઉજવણી પણ કરવામાં આવી. જેમાં નાલસા દ્વારા કરેલા કાર્યોનો ઇતિહાસ પ્રસ્તુત કરાયો. આ ઉપરાંત કાયદાકીય સેવાનો રોડ મેપ અને તેના મહત્વ અંગે માર્ગદર્શન અપાયું હતું.

આજે ડેમ વ્યુ પોઇન્ટ-૧ ખાતે મેગા લીગલ અવેરનેસ અને એમ્પાવરમેન્ટ કેમ્પનો આરંભ કરાશે. જેમાં સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ બી.આર. ગવઈ , અને નાલસાના વહીવટી અધ્યક્ષ તથા ગુજરાત વડી અદાલતનાં મુખ્ય ન્યાયધીશ ઉપસ્થિત રહેશે.

. . . . . . . . . . . . .

# WEATHER

આગામી 48 કલાક દરમિયાન તાપમાન યથાવત રહેશે ત્યારબાદ પવનની દિશા બદલાવાથી 2-3 ડિગ્રીનો વધારો થવાની શક્યતા હોવાનું હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે કહ્યું હતું.

(બાઇટ- રામાશ્રય યાદવ, વૈજ્ઞાનિક, હવામાન વિભાગ)

ગઇકાલે દિવસ દરમિયાન રાજકોટમાં સૌથી વધુ તાપમાન 43.9 ડીગ્રી નોંધાયું હતુ જ્યારે હવામાન વિભાગ દ્વારા જાહેર કરાયેલા આંકડા અનુસાર રાજ્યના સાત શહેરોનું તાપમાન 40 ડિગ્રીને પાર રહ્યું હતું.

. . . . . . . . . . . . .

# HAFUS MANGO

જગવિખ્યાત વલસાડી હાફૂસ કેરી વલસાડ જિલ્લામાં નામ થવાની આરે હોય તેવી સ્થિતિ સર્જાઈ રહી છે. ગ્લોબલ વોર્મિંગની અસરના પગલે ખેડૂતો હાફૂસ કેરીનો પાક બચાવવા સદંતર નિષ્ફળતા મળી રહી છે.. આ સ્થિતિ વચ્ચે જિલ્લાના કનાડુ ગામના ખેડૂત જતીન પટેલે તેમની આંબાવાડીમાં ગાય આધારિત ખેતી કરવાની શરૂઆત કરતા આજે તેમની આંબાવાડીમાં હજારોમાં હાફૂસ કેરીનો પાક લહેરાઈ રહ્યો છે

(બાઇટ- જતીન પટેલ, ખેડૂત, વલસાડ)

પ્રાકૃતિક દવાના છંટકાવને લઈ આંબાવાડીમાં આજે 5000 થી વધુ હાફૂસ કરી નો પાક ઉતારવાની સંભાવના છે જે કરીને વલસાડ મુંબઈ સુરત સહિત અન્ય શહેરોમાં એક્સપોર્ટ કરી આ ખેડૂત સારી આવક મેળવી રહ્યાં છે. આ સાથે જ પ્રાકૃતિક ખેતી માટે તેમણે આત્મા પ્રોજેક્ટને પ્રેરણાદાયી ગણાવ્યો હતો.

. . . . . . . . . . . . .

# METRO TRAIN

અમદાવાદની મેટ્રો ટ્રેનની સેવાઓનો આજથી સચિવાલય સુધી પ્રારંભ થયો. ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ- G.M.R.C.ની યાદી મુજબ , આ સાથે જ કોટેશ્વર રોડ, વિશ્વકર્મા કૉલેજ, તપોવન સર્કલ, નર્મદા કેનાલ, કોબા સર્કલ, સેક્ટર 10-એ, સચિવાલય એમ સાત નવા મથક પણ કાર્યરત્ થશે.

. . . . . . . . . . . . .

# TABLE TENNIS- WTT CONTENDER

રાજ્યના માનુષ શાહ અને દિયા ચિતાલેની જોડીએ WTT કન્ટેન્ડર ટેબલ ટેનિસ ટુર્નામેન્ટનો મિક્સ ડબલ્સના ખિતાબ જીત્યો છે.

ગઈકાલે ટ્યુનિશિયાની રાજધાની ટ્યુનિસમાં રમાયેલી ફાઇનલમાં , માનુષ અને દિયાની જોડીએ જાપાનની સોરા માત્સુશિમા અને મિવા હરિમોટોની બીજી ક્રમાંકિત જોડીને 3-2 થી હરાવીને ખિતાબ જીત્યો છે.

. . . . . . . . . . . . .

# TRIBUTE - JAMNAGAR

જમ્મુ કાશ્મીરના પહેલગામના આતંકી હુમલામાં માર્યા ગયેલા મૃતકોને ઠેર ઠેર શ્રધ્ધાંજલી અપાઈ રહી છે. ત્યારે પાલીતાણા ખાતે રાષ્ટ્રીય એકતા સમિતિ દ્વારા કેન્દ્રિય મંત્રી ડૉ.મનસુખ માંડવીયાની ઉપસ્થિતિમાં પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભાવનગરના મૃતકોના આત્માને શાંતિ મળે તે માટે પ્રાર્થના કરી શ્રધ્ધાંજલિ પાઠવી પરિવારજનોને સાંત્વના આપી હતી.

જામનગરમાં ભારતીય જનતા પાર્ટીના શહેર યુવા પાંખ દ્વારા આતંકવાદી હુમલામાં મૃત્યુ પામેલા દિવંગતોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. અને પાકિસ્તાન વિરૂદ્ધ સુત્રોચાર પણ કર્યા હતા. આ કાર્યક્રમમાં જામનગરના ધારાસભ્ય સહિત કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

. . . . . . . . . . . . .